# ‘બાકીના રૂ.19.50 લાખ નહીં આપો તો બાંધકામ તોડાવી નાંખીશ’

**કતારગામની** સહજાનંદ સોસાયટીમાં વેપારીનું બાંધકામ તોડાવાની ધમકી આપી કથિત ઉપપ્રમુખે 50 હજાર પડાવ્યા

**SMCમાં** વારંવાર અરજીઓ કરી, ચોકબજાર પોલીસમાં ગુનો નોંધાયો

સુરતઃ કતારગામ વિસ્તારમાં આવેલી સહજાનંદ સોસાયટીમાં બાંધકામના વિવાદમાં સોસાયટીના કથિત ઉપપ્રમુખે વેપારીને કાયદાનો ડર બતાવી ૨૦ લાખ રૂપિયાની ખંડણી માંગતા ચકચાર મચી ગઈ છે. વેપારીનું બાંધકામ અટકાવવા સુરત મહાનગરપાલિકામાં અરજીઓ કરી હેરાન પરેશાન કરી બળજબરીથી ૫૦ હજાર રૂપિયા પડાવી લેનાર શખ્સ સામે આખરે ચોકબજાર પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

વેડરોડ ડભોલી ચાર રસ્તા પાસે આવેલી નીલકંઠ નગર સોસાયટીમાં રહેતા મનસુખભાઈ ભુરાભાઈ પાનસુરીયા કતારગામની સહજાનંદ સોસાયટીમાં પોતાની જૂની મિલકત ધરાવે છે. આ મિલકત જર્જરિત થતાં મનસુખભાઈએ નિયમ મુજબ સુરત મહાનગરપાલિકામાં મંજૂરી મેળવી જૂનું બાંધકામ તોડી ગ્રાઉન્ડ પ્લસ ચાર માળનું નવું બાંધકામ શરૂ કર્યું હતું.

બાંધકામ શરૂ થતાની સાથે જ આ સોસાયટીમાં રહેતા અને પોતાને સોસાયટીના ઉપપ્રમુખ ગણાવતા પ્રશાંત કાનજીભાઈ કાછડીયાએ પોતાનો અસલી ચહેરો બતાવ્યો હતો. પ્રશાંતે આ બાંધકામ સામે વાંધો ઉઠાવી એસ.એમ.સી. (SMC) માં અરજીઓ કરવાનું શરૂ કર્યું હતું. વારંવારની અરજીઓ અને ધમકીઓથી વેપારી મનસુખભાઈ મૂંઝવણમાં મુકાયા હતા. આ દરમિયાન પ્રશાંતે બાંધકામ પૂરું કરવા માટે ૨૦ લાખ રૂપિયાની તોતિંગ માંગણી કરી હતી.

ગઈ તારીખ ૭ એપ્રિલના રોજ, સમાધાનના બહાને પ્રશાંતે મનસુખભાઈને કતારગામની શ્યામવાડી પાસે મળવા બોલાવ્યા હતા. મનસુખભાઈ તેમના પુત્ર રવિ સાથે ત્યાં પહોંચ્યા ત્યારે પ્રશાંતે ઉગ્ર તેવર બતાવી ધમકાવવાનું શરૂ કર્યું હતું. તેણે રવિ પાસેથી બળજબરીપૂર્વક રોકડા ૫૦,૦૦૦ રૂપિયા કઢાવી લીધા હતા અને ધમકી આપી હતી કે, ‘જો બાકીના ૧૯.૫૦ લાખ નહીં આપો તો બાંધકામ તો તોડાવી જ નાખીશ, પણ તમારી મિલકત પણ પડાવી લઈશ.’ ચોકબજાર પોલીસે આ મામલે મનસુખભાઈની ફરિયાદના આધારે આરોપી પ્રશાંત સામે ખંડણી અને ધમકીનો ગુનો નોંધી તેની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે.



(તસવીર : સતીષ જાદવ)

# સુરતમાં ડૉ. બાબાસાહેબની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી

**ઠેર ઠેર** દલિત સમાજનાં સંગઠનો દ્વારા શોભાયાત્રાઃ રિંગરોડ ડો. આંબેડકર પ્રતિમા પાસે માનવ મહેરામણ ઉમટયો

સુરતઃ ડો. બાબાસાહેબ આંબેડકરની 135મી જન્મજયંતિની ધામધૂમથી ઉજવણી કરવા માટે ઠેર ઠેર દલિત સમાજનાં સંગઠનો દ્વારા શોભાયાત્રા સાથે લોકો રિંગરોડ ડો. આંબેડકર પ્રતિમા પાસે પહોંચ્યાં હતાં. આજે વહેલી સવારથી જ સામાજિક, રાજકીય આગેવાનોએ ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી ડો. બાબાસાહેબને યાદ કર્યા હતા. ભારતના બંધારણના શિલ્પી અને મહાન સમાજ સુધારક ડો. બાબાસાહેબ આંબેડકરની 135મી જન્મજયંતિ નિમિત્તે આજે સુરત શહેરમાં વિવિધ સામાજિક, રાજકીય અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં. ખાસ કરીને રિંગરોડ સ્થિત ડો બાબાસાહેબની પ્રતિમાને ફુલહાર કરવા માટે રાજકીય, સામાજીક આગેવાનો સહિત દલિત સમાજ નાં લોકો ખુબ જ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. શહેરના અનેક વિસ્તારોમાંથી ભવ્ય શોભાયાત્રાઓ નીકળવામાં આવી હતી. શોભાયાત્રામાં યુવાનો અને મહિલાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. ઢોલ-નગારા, ઝાંખીઓ અને દેશભક્તિ ગીતો સાથે ઉજવણી કરવામાં આવી હતી. શોભાયાત્રા સાથે ઠેર ઠેર વિચારગોષ્ઠિ પણ યોજાઈ હતી. પાંડેસરાના નાગસેન નગર પાસેથી દલિત સમાજનાં લોકોની જય ભીમનાં નાદ સાથે સાંજે છ વાગે ભવ્ય રેલી નીકળી હતી. આ સાથે શહેરનાં અલગ અલગ વિસ્તારોમાંથી રેલી આકારે લોકો રિંગરોડ પહોંચ્યા હતા. અને ડો. બાબાસાહેબ આંબેડકરને ફુલહાર અર્પણ કર્યા હતા. રિંગરોડ ખાતે માનવ મહેરામણ ઉમટી પડતાં ટ્રાફિક જામનાં દ્રશ્યો સર્જાયા હતા.

# ‘માથાભારે’ દબાણખોરો સામે સુરત મનપા તંત્ર લાચાર બન્યું



**વેરો** ભરતા વેપારીઓ પાસે દંડની વસૂલી પણ ગંદકી ફેલાવતા દબાણખોરોને છુટો દોર

સુરત : શહેરના વિવિધ વિસ્તારોમાં, ખાસ કરીને કેનાલની આસપાસ દબાણખોરોનો રાફડો ફાટ્યો છે. આ દબાણ કરનારા તત્વો દિવસભરનો વધેલો શાકભાજીનો કચરો અને ગંદકી સીધી કેનાલમાં પધરાવી દે છે. જે સ્થાનિક લોકોના આરોગ્ય માટે ગંભીર ખતરો ઊભો કરે છે. પાલિકા તંત્ર આવા તત્વોને કાયમી ધોરણે હટાવવામાં નિષ્ફળ નીવડ્યું છે. બીજી તરફ, વેરો ભરનારા પ્રમાણિક વેપારીની દુકાન બહાર થોડો પણ કચરો જોવા મળે, તો તંત્ર તાત્કાલિક આકરો દંડ ફટકારે છે. તેની સામે રાજમાર્ગ પર રવિવારી બજાર કે ચૌટા બજાર જેવા વિસ્તારોમાં માથાભારે તત્વો દ્વારા થતી ગંદકી સામે પગલાં લેતું નથી.

# વરાછા-એ ઝોનમાં ૨૬ વાહન સાથે હોટફિક્સ વેસ્ટ એકત્રિકરણ શરૂ

**મનપા** કમિશનરના આદેશ બાદ : રસ્તાઓ પર ફેલાયેલા હોટફિક્સ પ્લાસ્ટિકના નિકાલ માટે ખાસ ડ્રાઇવ

સુરતઃ સુરત શહેરને સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૬માં દેશના ટોચના સ્થાને જાળવી રાખવા માટે મનપા તંત્ર સક્રિય બન્યું છે. કમિશનર એમ. નાગરાજનની કડક દેખરેખ હેઠળ શહેરમાં પ્લાસ્ટિક વેસ્ટના વધતા પ્રમાણ સામે ખાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. છેલ્લા કેટલાક સમયથી કમિશનર જાતે જ ફિલ્ડ વિઝિટ કરી તંત્રને ચુસ્ત કામગીરી માટે દોરવણી આપી રહ્યા છે.

મનપાના રિફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન (RTS) મારફતે દરરોજ એકત્ર થતું પ્લાસ્ટિક વેસ્ટ અગાઉ માત્ર પ્રોસેસિંગ માટે મોકલાતું હતું, પરંતુ હવે શહેરના રસ્તાઓ પર ફેલાયેલા હોટફિક્સ પ્લાસ્ટિક વેસ્ટને પણ એકત્ર કરવાની જવાબદારી એજન્સીને સોંપવામાં આવી છે. આ નિર્ણય બાદ વરાછા-એ ઝોનમાં વિશેષ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. એજન્સી દ્વારા વરાછા-એ ઝોનમાં ૨૬ અલગ વાહનો મૂકીને દરરોજ લગભગ ૮૦ ટ્રિપ કરવામાં આવી રહી છે. આશ્ચર્યજનક રીતે માત્ર આ ઝોનમાંથી જ રોજ આશરે ૨૦ મેટ્રિક ટન હોટફિક્સ પ્લાસ્ટિક વેસ્ટ એકત્ર થઈ રહ્યો છે. ખાસ કરીને સાડી એમ્બ્રોઇડરી અને હોટફિક્સ મટિરિયલ સંબંધિત ઘરઆધારિત યુનિટ્સને કારણે આ સમસ્યા વધુ ગંભીર બની હોવાનું સામે આવ્યું છે.

### ટેક્સટાઇલ અને ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટ માટે એક્શન પ્લાન તૈયાર કરવાની સૂચના

મનપા કમિશનરે સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે કે માત્ર RTS પર આધારિત વેસ્ટ કલેક્શન પૂરતું નથી, પરંતુ જે ઝોનોમાં હોટફિક્સ અને ટેક્સટાઇલ વેસ્ટનું પ્રમાણ વધુ છે ત્યાં અલગ વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે. સાથે જ ઇન્ડસ્ટ્રીયલ અને ટેક્સટાઇલ વેસ્ટના નિકાલ માટે સંકલિત એક્શન પ્લાન તૈયાર કરી પ્રેઝન્ટેશન આપવા પણ એજન્સીને સૂચના આપવામાં આવી છે. આ કામગીરીથી શહેરમાં ફેલાતી ગંદકી પર નિયંત્રણ મળશે અને સ્વચ્છતા સર્વેક્ષણ પહેલા શહેરને વધુ સ્વચ્છ બનાવવામાં મદદ મળશે તેવી અપેક્ષા છે.

# ‘આપ’માં મોટું ભંગાણ: પૂર્વ કોર્પો. કિશોર રૂપારેલિયાનું રાજીનામું

**રાજીનામા** પાછળ પારિવારિક કારણો કે પછી સંગઠન સામે અસંતોષ જવાબદાર?

**સુરતમાં** આપની એક સાંધા ત્યાં તેર તૂટે જેવી હાલત




સુરતઃ સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો રણશિંગુ ફુંકાઈ ચૂક્યું છે ત્યારે સુરતમાં આમ આદમી પાર્ટીની હાલત ‘એક સાંધે ત્યાં તેર તૂટે’ જેવી થઈ ગઈ છે. પક્ષના મહિલા મોરચાના હોદ્દેદારોએ આપેલા રાજીનામાની શાહી હજુ સુકાઈ નથી, ત્યાં જ કતારગામના નેતા ગણાતા પૂર્વ કોર્પોરેટર ડો. કિશોર રૂપારેલિયાએ પક્ષને અલવિદા કહી દેતાં રાજકીય ખળભળાટ મચી ગયો છે. ડો. રૂપારેલિયાએ પ્રદેશ પ્રમુખને વોટ્સએપ દ્વારા પોતાનું રાજીનામું મોકલી આપ્યું છે, જેમાં તેમણે ‘પારિવારિક કારણોસર’ પક્ષની જવાબદારી નિભાવી શકવા માટે અસમર્થતા દર્શાવી છે. જોકે, રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે આ માત્ર એક બહાનું છે. વાસ્તવમાં પક્ષની આંતરિક કાર્યપદ્ધતિ અને ટિકિટ વિતરણ કે સંગઠન સાથેના અસંતોષને કારણે તેમણે આ નિર્ણય લીધો છે.

ડો. કિશોર રૂપારેલિયા વિરોધ પક્ષ તરીકે ‘આપ’ના સૌથી ધારદાર અવાજોમાંના એક હતા. વર્ષ 2021થી 2024 દરમિયાન તેમણે કતારગામની સ્થાનિક સમસ્યાઓથી લઈને શિક્ષણના મુદ્દે સત્તાધારી ભાજપને બરાબરની ટક્કર આપી હતી. ખાસ કરીને કતારગામની એક શાળાના વિવાદમાં જ્યારે તેઓ તંત્ર સામે બાથ ભીડી આમરણાંત ઉપવાસ પર ઉતર્યા હતા, તેમની લડાયક છબીને કારણે જ સામાન્ય જનતામાં તેમનો ભારે પ્રભાવ રહ્યો છે. હવે જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ગઠબંધન સાથે ભાજપ સામે જંગ જીતવાની રણનીતિ ઘડાઈ રહી છે, ત્યારે જ એક પછી એક ‘વિકેટ’ પડતા પક્ષ બેકફૂટ પર આવી ગયો છે. રૂપારેલિયાએ પત્રના અંતે પક્ષના સાથીઓનો આભાર માનીને એટલું તો જરૂર કહ્યું છે કે તેઓ પક્ષમાં ન હોવા છતાં જનતાની સેવા ઈમાનદારીથી કરતાં રહેશે, પરંતુ આ રાજીનામાએ આગામી ચૂંટણીના ગણિતો ચોક્કસપણે બગાડી નાખ્યા છે. હવે જોવાનું એ રહેશે કે સુરત ‘આપ’ આ ભંગાણ સામે કેવી રીતે લડશે.




## વોર્ડ નંબર -11 (અડાજણ-ગોરાટ)

# ભાજપનો ગઢ પણ મોટા માથાની ટિકિટો કપાતા ચિંતા

સુરતઃ આ વોર્ડ તાપી નદીના કિનારે આવેલો જૂના અને મધ્યમ અડાજણનો વિસ્તાર ગણાય છે. અહીં રહેણાંક સોસાયટીઓની સંખ્યા ઘણી વધારે છે. વર્ષ 2021માં આ વોર્ડમાં ભારતીય જનતા પાર્ટીની પેનલનો વિજય થયો હતો. ભાજપે પોતાની પરંપરાગત વોટબેંક જાળવી રાખી હતી અને જંગી માર્જિનથી જીત મેળવી હતી. કોંગ્રેસના ઉમેદવારો અહીં પણ ત્રીજા ક્રમે રહ્યા હતા, જ્યારે આમ આદમી પાર્ટીએ બીજા ક્રમે રહીને ભાજપના મતોમાં થોડું ગાબડું પાડ્યું હતું, પરંતુ તે જીતવા માટે પૂરતું નહોતું. 2021માં 99,278 મતદાર અને 98 બુથ હતા. જો કે એસઆરઆઇ બાદ અહીં 16 હજારથી વધુ મતદારો ઘટ્યા અને નવી મતદારયાદીમાં આ વોર્ડમાં 82,352 મતદાર રહ્યા છે અને બુથની સંખ્યા 88 છે. વર્ષ 2021માં અહીંથી ભાજપના વૈશાલી શાહ, હેમાલી બોઘાવાલા, કેતન મહેતા અને કેયુર ચપટવાલા જીત્યા હતા. જયારે બીજા નંબરે અહી આમ આદમી પાર્ટીના ચારેય ઉમેદવારો રહ્યા હતા અને કોંગ્રેસ છેક ત્રીજા નંબરે રહ્યું હતું. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 1,13,776 મત મળ્યા હતા. જયારે આમ આદમી પાર્ટીના પહેલી વખત ચૂંટણી લડનાર ઉમેદવારોને 23,385 મતો મળ્યા હતા. આમ બન્ને વચ્ચે 90,391 મતોનું અંતર હતું. અહીંથી જીતેલા હેમાલી બોઘાવાલા મેયર પણ બન્યા હતા.

### જાતિગત સમીકરણ

- **સ્થાનિક સુરતીઓ અને ઓબીસીઃ** અડાજણ ગામ અને ગોરાટ વિસ્તારમાં વર્ષોથી વસેલા સ્થાનિક સુરતી પરિવારો અને કોળી પટેલ જ્ઞાતિના મતદારોની મોટી સંખ્યા છે.
- **શિક્ષિત મધ્યમ વર્ગઃ** હનીપાર્ક રોડ અને એલ.પી. સવાણી રોડ તરફની જૂની અને નવી સોસાયટીઓમાં બ્રાહ્મણ, વાણિયા, જૈન, મહારાષ્ટ્રીયન સમુદાયના મતદારો વસેલા છે.
- **પાટીદાર સમાજઃ** આ વોર્ડના અમુક ભાગોમાં સૌરાષ્ટ્રવાસી પાટીદારો પણ સ્થાયી થયેલા છે.
- **શ્રમિક અને નોકરિયાત વર્ગઃ** સરકારી અને ખાનગી ક્ષેત્રમાં નોકરી કરતાં મધ્યમ વર્ગીય પરિવારોની સંખ્યા નોંધપાત્ર છે.
- **મુસ્લિમ મતદારોઃ** આ વોર્ડમાં મુસ્લિમ મતદારોની સંખ્યા પણ વધારે છે. જેથી તેની પણ પરિણામ પર અસર પડે તેમ છે.

### રાજકીય સ્થિતિ અને મુખ્ય પડકારો

- ભાજપનો મજબૂત કિલ્લો: વોર્ડ નં. 10 ની જેમ જ વોર્ડ નં. 11 પણ ભાજપ માટે સલામત બેઠક માનવામાં આવે છે. અહીં પક્ષનું સંગઠન ગ્રાઉન્ડ લેવલ પર ખૂબ જ સક્રિય છે.
- વિપક્ષી પડકાર: વર્ષ 2021માં આમ આદમી પાર્ટીએ અહીં ‘મોહલ્લા ક્લિનિક’ અને ‘મ્યુનિસિપલ ટેક્સ’ માં ઘટાડા જેવા મુદ્દાઓ સાથે મધ્યમ વર્ગને આકર્ષવા પ્રયાસ કર્યો હતો.
- મુખ્ય પ્રશ્નો: ગોરાટ હનુમાન મંદિર રોડ પર ટ્રાફિકની સમસ્યા, અશાંતધારાનો ભંગ થતો હોવા મુદ્દે સ્થાનિક હિન્દુઓમાં રોષની લાગણી અને ચોમાસામાં અમુક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાના પ્રશ્નો, ગાર્ડનની જાળવણીમાં બેદરકારી અને પેવર બ્લોકની નબળી કામગીરી મુદ્દે વારંવાર ફરિયાદો ઉઠવા પામી છે.

### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદારો: 41,647
સ્ત્રી મતદારો: 40,704
કુલ મતદારો: 82,352

### ભૌગોલિક સ્થિતિ

આ વોર્ડ નદીના કિનારે અડાજણ ગામ બીએપીએસ સર્કલથી શરૂ થઇ અડાજણ ભુલકાભવન શાળા સુધી, ત્યાંથી રામનગરથી પીપરડીવાળા સ્કૂલ થઇ, કોઝવે રોડનો સમગ્ર વિસ્તાર, ત્યાંથી હોપપુલ શીતલ ટોકિઝ સુધીનો વિસ્તાર.




# અડાજણની સહયોગ સોસા.માં ‘વોટ નહીં’ ના બેનર લાગ્યા




સુરત મનપાની ચૂંટણી નજીક આવતા શહેરમાં ઠેરઠેર ચૂંટણીના બહિષ્કારના બેનરો જોવા મળી રહ્યા છે. જેને પગલે રાજકીય પક્ષોની ચિંતામાં વધારો જોવા મળી રહ્યો છે. પ્રાથમિક સુવિધા નહીં તો વોટ નહીં એવા બેનરો લાગતા ઉમેદવારો દોડતા થઇ ગયા છે. સુરત મહાનગરપાલિકાના વોર્ડ નં 10 માં (અડાજણ-પાલ-ઈચ્છાપોર)માં ઉમેદવાર જાહેર થયા બાદ સ્થાનિક ઉમેદવારને અન્યાય મુદ્દે અડાજણ વિસ્તારમાં આવેલી સહયોગ સોસાયટીના ગેટ પર મતદાનનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવતા લોકોની નારાજગી સપાટી પર જોવા મળી રહી છે. બેનરમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, તંત્રને વારંવાર લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે તેમ છતાં પરિણામ શૂન્ય છે. જેને પગલે સહયોગ સોસાયટી દ્વારા મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર કરીએ છીએ, જેને લઇ કોઇ પણ સ્થાનિક ઉમેદવારે પ્રચાર અર્થે પ્રવેશ કરવો નહી. અન્ય સોસા.માં પણ મતદારોમાં નારાજગી જોવા મળી છે.

### વોર્ડ 28(પાંડેસરા-ભેસ્તાન)માં ઉતરભારતીયની બાદબાકી મુદ્દે પ્રભારીને રજૂઆત

ઉમેદવાર પસંદગી મુદ્દે ભાજપમાં ઉકળતો ચરૂ હજુ પણ યથાવત હોય તેમ લાગી રહ્યું છે. ટિકિટ ફાળવણી મુદ્દે વોર્ડ નં. 28 (પાંડેસરા - ભેસ્તાન)માં વધુ એક વખત ઉત્તર ભારતીય ઉમેદવારની પસંદગી ન થતાં સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. હાલમાં જ ઉત્તર ભારતીય સમાજનાં આગેવાનો દ્વારા આ મુદ્દે પ્રશાંત કોરાટ સમક્ષ પણ રજૂઆત કરવામાં આવી હતી. માંગણી કરનારાઓના કહેવા મુજબ વોર્ડ નં. 28 માં 15 હજારથી વધુ ઉત્તર ભારતીય સમાજની વસતી છે જ્યારે રાજસ્થાની સમાજનાં માત્ર 432 વોટ હોવા છતાં રાજસ્થાની સમાજમાંથી ઉમેદવારની પસંદગી કરવામાં આવી છે. બીજી તરફ આ વોર્ડમાં જ 19 હજારથી વધુ મુસ્લિમ વોટ હોવાને કારણે કોંગ્રેસ દ્વારા ઉત્તર ભારતીય ઉમેદવાર રોશન મિશ્રા પર પસંદગીનો કળશ ઢોળવામાં આવ્યો છે. આ સ્થિતિમાં પહેલી વખત ભાજપનો ગઢ ગણાતી વોર્ડ નં. 28માં પેનલ તૂટવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. કેમકે ગત કોર્પોરેશનની ચૂંટણીમાં આ વોર્ડ પર કોંગ્રેસી ઉમેદવારોને માત્ર 500થી 1300 વોટથી પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

### વેસુ-ભરથાણાની આર્શીવાદ વિલા સોસાયટીમાં ભાજપ ઉમેદવારોનો વિરોધ, મતદાન બહિષ્કારના બેનરો લાગ્યા




વેસુ-ભરથાણા વિસ્તારમાં આવેલી આર્શીવાદ વિલા હાઉસિંગ સોસાયટીમાં રહિશોએ પ્રાથમિક સુવિધાઓના અભાવને લઈને ભાજપ સહિત તમામ રાજકીય પક્ષોના ઉમેદવારોને પ્રવેશ પર પ્રતિબંધ મુકતા સોસાયટીના ગેટ પર બેનરો લગાવી દીધા છે. ગતરોજ વોર્ડ નં. 22 (ભટાર-વેસુ-ડુમસ)ના ભાજપના ઉમેદવારો પ્રચાર માટે સોસાયટીમાં આવ્યા હતા, પરંતુ સોસાયટીના હોદ્દેદારો અને રહિશોએ તેમને પરત મોકલી દીધા હતા. જેમાં પૂર્વ ધારાસભ્ય વિવેક પટેલ પણ પ્રચાર કરવા આવ્યા હોય તેમને રહીશોએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, 2500 રહેવાસીઓ ધરાવતી આ સોસાયટી છેલ્લા 20 વર્ષથી પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહી છે. સોસાયટી દ્વારા વર્ષ 2011માં આઇસીના નાણાં રૂપે 96 લાખ રૂપિયા જમા કરાવ્યા હોવા છતાં પૂરતી સુવિધાઓ મળતી ન હોવાથી રહિશોમાં રોષ વ્યાપ્યો છે. આ સોસાયટીમાં ધારાસભ્ય સંદીપ દેસાઈ પણ રહી ચૂકયા હોવા છતાં સમસ્યાના નિરાકરણમાં નિષ્ફળતા અંગે આક્ષેપ થયા છે.

## વોર્ડ નંબર - 12 (નાણાવટ - સૈયદપુરા - મહિધરપુરા)

# કોટ વિસ્તાર અને સૌરાષ્ટ્રવાસીને જોડતા વોર્ડમાં કાંટાની ટક્કર

સુરતઃ આ વોર્ડ પહેલાં કોંગ્રેસનો ગઢ હતો પરંતુ ત્યારબાદ નવા વોર્ડ સિમાંકનમાં ભાજપ શાસકોએ કોટ વિસ્તારના નાણાવટ-શાહપોરના વિસ્તારથી માંડીને મહિધરપુરા અને કતારગામ ઝોનનો સૌરાષ્ટ્રવાસી વિસ્તાર પણ એડ કરીને સલામત વોર્ડ બનાવ્યો હતો. આમ છતા 2015માં પાટીદાર આંદોલન અને ભાજપના જ અમુક પાટીદાર નેતાઓએ પાર્ટી વિરુદ્ધ કામ કરતાં અહીં ભાજપની પેનલ તૂટી હતી. વર્ષ 2021ના વોર્ડ સિમાંકન બાદ આ વોર્ડમાં ભારતીય જનતા પાર્ટીએ પોતાની પકડ મજબૂત કરી દીધી અને અહીંથી ભાજપના આરતી પટેલ, હેમલતા રાવતકા, કિશોર મિયાણી અને રાકેશ માળી જીત્યા હતા. જયારે બીજા નંબરે અહીં કોંગ્રેસના ચારેય ઉમેદવારો રહ્યા હતા અને આપ છેક ત્રીજા નંબરે રહ્યું હતું. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 84,792 મત મળ્યા હતા. જયારે કોંગ્રેસને 47,038 મત મળ્યા હતા. આમ બન્ને વચ્ચે 37,754 મતનું અંતર હતું. પરંતુ જીતનું માર્જિન અન્ય વોર્ડની સરખામણીએ ઓછું હતું. કોંગ્રેસે લઘુમતી વિસ્તારોમાં સારું પ્રદર્શન કર્યું હતું, પરંતુ વેપારી વિસ્તારોમાં ભાજપની લીડ તેને ભારે પડી હતી. અગાઉ અહીં 1,09,440 મતદાર અને 109 બુથ હતા. એસઆઈઆર બાદ નવી મતદારયાદીમાં આ વોર્ડમાં 85,382 મતદાર રહ્યા છે અને બુથની સંખ્યા 87 છે.

### જાતિગત સમીકરણ

- **લઘુમતી મતોઃ** સૈયદપુરા અને નાનાવટના અમુક વિસ્તારોમાં મુસ્લિમ સમુદાયની મોટી વસતી છે. આ મતદારો અહીં હાર-જીત નક્કી કરવામાં સૌથી મહત્ત્વનું પરિબળ સાબિત થાય છે.
- **વેપારી વર્ગ (જૈન, વાણિયા અને બ્રાહ્મણ)ઃ** મહિધરપુરા અને નાનાવટના વિસ્તારોમાં હીરાના વેપારીઓ, જ્વેલર્સ અને પરંપરાગત સુરતી વેપારી જ્ઞાતિઓનું વર્ચસ્વ છે. આ મતદારો મોટે ભાગે ભાજપના સમર્થક મનાય છે.
- **સ્થાનિક સુરતીઓઃ** આ વોર્ડમાં વર્ષોથી વસેલા જૂના સુરતી પરિવારોની સંખ્યા વધુ છે, જેઓ શહેરની સંસ્કૃતિ અને રાજકારણ સાથે ઊંડાણપૂર્વક જોડાયેલા છે.
- **રત્નકલાકારોઃ** મહિધરપુરા હીરા બજાર હોવાથી અહીં હીરા ઉદ્યોગ સાથે જોડાયેલા રત્નકલાકારોની અવરજવર અને વસવાટ પણ નોંધપાત્ર છે.

### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદારો: 43,969
સ્ત્રી મતદારો: 41,412
કુલ મતદારો: 85,382

### રાજકીય સ્થિતિ અને મુખ્ય સમસ્યાઓ

- ઐતિહાસિક રીતે આ વોર્ડમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે કાંટાની ટક્કર રહે છે. લઘુમતી મતો કોંગ્રેસ તરફ અને વેપારી મતો ભાજપ તરફ વહેંચાયેલા રહે છે.
- ચૂંટણી સમયે અહીં અવારનવાર ધાર્મિક ધ્રુવીકરણના મુદ્દાઓ ઉછળે છે, જે મતદાનની ટકાવારી અને પરિણામ પર મોટી અસર કરે છે.
- જૂના કોટ વિસ્તારમાં સાંકડા રસ્તાઓ અને ટ્રાફિકની ગંભીર સમસ્યા, આંતરિક વિસ્તારોમાં ઊભરાતી ગટર અને ઓછા પ્રેસરથી પાણી મળતું હોવાની સમસ્યા તેમજ સફાઇમાં બેદરકારી, પાર્કિંગનો અભાવ, જૂની ઇમારતોના રિ-ડેવલપમેન્ટના કાયદા અને વરસાદી પાણીના નિકાલની જૂની વ્યવસ્થા તેમજ પારસ માર્કેટ, કતારગામ દરવાજા અને વેડ દરવાજા ખાતે દબાણોના કારણે હાલાકી આ વોર્ડના મુખ્ય મુદ્દા છે.

### ભૌગોલિક સ્થિતિ

નાણાવટથી શરૂ કરી સૈયદપુરા અને મહિધરપુરાના વિસ્તારો તેમજ કુલવાડી તેમજ ઉતરમાં કતારગામ પારસ માર્કેટ સુધીનો વિસ્તાર જે કતારગામ દરવાજાથી વેડદરવાજા થઇ પારસ માર્કેટ સહિતનો કાટખૂણો આ વોર્ડમાં સમાવાયો છે.

